

# આહ્વાન


A Monthly Bulletin of Shahpur Methodist Church



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email : reveskant1964@gmail.com

Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Dr. Emanuel S. Kant

Ph. : 079-25503545 (M) 8780130474



વર્ષ - ૫૩ નવેમ્બર - ૨૦૨૪ પત્ર - ૧૩૫


## Thanks Giving Day

આભારસ્તુતિનો દિવસ વિશ્વભરનાં ઘણાં દેશોમાં નવેમ્બર માસમાં ઉજવવામાં આવે છે. મોટાભાગનાં દેશોમાં ફસલનાં દિવસો બાદ આશીર્વાદિત ફસલ પ્રાપ્તિનાં સંદર્ભે રહેલો છે. જેમાં ધાર્મિક અને સાંસ્કૃતિક બાબતો વણાયેલી છે. જે પ્રતિવર્ષ ઘણાં બધાં દેશોમાં ઉજવવામાં આવે છે.

ઐતિહાસિક રીતે જોઈએ તો, મોટાભાગનાં ધર્મમાં આભારસ્તુતિની પ્રાર્થના કે ખાસ આભારસ્તુતિ સામાન્યતઃ ફસલની કાપણી બાદ કરવામાં આવે છે. અમેરિકાનાં ઉત્તર પ્રાન્તમાં આભાર સ્તુતિનાં મૂળીયા અંગ્રેજ પરંપરા પ્રમાણે પ્રોટેસ્ટંટ રીફોરમેશન સંબંધિત છે. જે હેનરી ત્રીજાના સમયથી ચાલતી આવેલ, ૧૫૩૬ને તે પહેલાં ૯૫ ચર્ચનાં પર્વો, ૫૨ રવિવારના સમયોમાં લોકો ચર્ચમાં હાજરી આપતા ને ત્યારબાદ પોતાનાં કામો પર જતા. ચર્ચ ઓફ ઈંગ્લેન્ડ દ્વારા પર્વોની સંખ્યા ખ્રિસ્તી કેલેન્ડર વર્ષમાં ઘટાડવામાં આવી. પર્વોને રજાઓની ઉજવણીઓ બદલવામાં આવ્યાં ને ઉપવાસ અને આભારસ્તુતિને મહત્ત્વ આપવામાં આવ્યું. ખાસ આશીર્વાદો જે ઈશ્વર તરફથી પ્રાપ્ત થાય છે. તેને આભારસ્તુતિનાં દિવસો પાળવામાં આવતા. દા. ત. લોકો ૧૬૦૪ થી ૧૬૨૨ નાં એમના સમયોને યાદ કરી ઉપવાસ કરતાં ૧૬૧૧, ૧૬૧૩ પૂર તેમજ વિવિધ આફતોના કારણે અંગ્રેજ લોકો દ્વારા વાર્ષિક આભારસ્તુતિ દિવસ તેમજ ઉપવાસનાં સમયો નિયત કરવામાં આવેલ.

આભારસ્તુતિનો દિવસ અલગ કરવાનાં ઘણાં બધાં અગણિત કારણો છે, પરંતુ મોટાભાગે, સુરક્ષા, રક્ષણ, સારી તંદુરસ્તી, બાળકો ખેતરનાં સારા પાકને માટે જે પ્રેમથી તેઓ જોડાયેલા રહ્યાં, ને જીવંત ઈશ્વર પરનાં વિશ્વાસમાં જોડાયેલાં રહ્યા.

નાતાલ પર્વની ખરીદી આભારસ્તુતિ દિવસની પર્વ સાથે જોડાયેલ છે. જે મોટાબાગે નવેમ્બરનો ત્રીજો કે ચોથો ગુરૂવાર આભારસ્તુતિનો દિવસ ઉજવવામાં આવે છે. વિશ્વભરનાં અસંખ્ય દેશો આભારસ્તુતિ દિવસ / કાપણી પર્વ ઈશ્વરનો આભાર માનવા ઉજવે છે.

ઈશ્વર દ્વારા માણસને સૃજવામાં આવેલ છે, ઉત્પન્નકર્તા સર્વ સમર્થ, સર્વજ્ઞ, સર્વોપરી છે. તે મનુષ્ય દ્વારા હંમેશા યાદ રાખવામાં આવે, રાખવું જોઈએ. આપણાં શ્વાચ્છોશ્વાસ તેની દયાને કૃપાને કારણે ચાલુ રહે છે. તેની ઈચ્છાથી આપણને સઘળું પ્રાપ્ત થયેલ છે. ઈશ્વર પોષણકર્તા છે, પુરા પાડનાર છે. પ્રથમ આ સ્વીકારવું આપણ દરેકને માટે જરૂરી છે. જો આપણે આપણા હૃદયથી આ સ્વીકારીએ ને માનીએ તો આપોઆપ આભારનાં ભાવો આપણાં હૃદયમાં ઉત્પન્ન થાય છે. પ્રભુનાં વચનોમાં અગણિત, અસંખ્ય, અમર્યાદ રીતે તેનાં પર વિશ્વાસ રાખનાર સેવકો દ્વારા ઈશ્વરની આભારસ્તુતિ અદ્ભુત રીતે અભિભૂત થતા કરવામાં આવેલ છે. દાઉદભક્ત તેનાં જીવનનાં દરેક તબક્કામાં શ્રેષ્ઠત્તમ રીતે આભારસ્તુતિ કરે છે. તેનાં સિવાય ઘણાં બધાં ઈશ્વરનાં 'અગણિત અમર્યાદ અધિક આશીર્વાદોને માટે' ઈશ્વરનો ભકતો-સેવકો આભાર માને છે.

ગીતકર્તા દાઉદ કદી નિષ્ફળ ન જનાર ઈશ્વરનાં પ્રેમને માટે આભાર યર્મિયા, બંદીવાનમાંથી મુક્તિને માટે. પાપની મુક્તિ, અવિરત સંભાળને રક્ષણને માટે, સુલેમાન રાજા દ્વારા તે ઉત્તમ છે તેને માટે, સામાન્ય રીતે પ્રભુનાં વચનમાં જોઈએ છે કે, તેની કૃપા સર્વકાળ ટકે છે. આદમ-હવા દ્વારા કરવામાં આવેલ આજ્ઞાનાં ઉલ્લંઘનથી માંડીને આજ દિન સુધી ઈશ્વરની 'અવિરત કૃપા રહેલી છે.' જેને સ્વીકારવું ને અનુભવવું આપોઆપ આપણને આંતરિક પ્રેરકબળ પ્રાપ્ત થાય જેથી આપણે તેનો આભાર માનીએ. ઈશ્વરે આપણને શત્રુના હાથમાંથી છોડાવ્યાં. મતલબ આ જગતમાં આપણાં જીવનમાં આવતી શત્રુ સમાન સર્વ બાબતોથી આપણને છોડાવ્યાં છે. કોપ, ક્રોધ, રોષથી આપણને છોડાવ્યાં છે. જગતને જગતનાં બંધનોમાંથી આપણને મુક્ત કર્યા છે. દુઃખ-સંકટમાંથી છોડાવ્યાં છે. આપણાં હક્કમાં આશ્ચર્યકારક કૃત્યો કર્યા છે. જેનું વર્ણન વાસ્તવિક રીતે કરવું ને પ્રદર્શિત કરવું તેજ આભારસ્તુતિ છે. હૃદયનાં ઊંડાણથી જીવતા ઈશ્વરનો આભાર માનવો. આભારસ્તુતિ દિવસ તે નિયત છે. પરંતુ ઈશ્વરની આભારસ્તુતિ દરરોજ કરવી જરૂરી છે.

## ગત માસનાં કાર્ય તરફ દ્રષ્ટિપાત : ઓક્ટોબર

૦૬-૧૦-૨૦૨૪ 'ભજનસેવામાં લે પ્રવૃત્તિ સન્ડેની તેમજ વિશ્વપ્રભુભોજનની ઉજવણી કરાવમાં આવી. શ્રીમતી ડૉ. રીટાબેનકુમાર દ્વારા વચનની સેવા આપવામાં આવી. મેજની સંગતમાં જોડાયા. ભજનસેવાનું લીડીંગ શ્રી એન્થોની ઈમાનુએલ દ્વારા કરવામાં આવેલ.

૧૩-૧૦-૨૦૨૪ ભજનસેવામાં પાળક 'દશાંશ વિષયે વચનની સેવા લાવેલ. આ માસ જી.આર.સી.માં 'દશાંશ' માસ ઉજવવામાં આવે છે.

૨૦-૧૦-૨૦૨૪ ભજનસેવામાં 'મહિલા દિનની' ઉજવણી મહિલા મંડળ દ્વારા કરવામાં આવી. વચનની સેવા શ્રીમતી ઉષા ઈ. કાન્ત દ્વારા બજાવવામાં આવી. સ્થાનિક મહિલા મંડળ દ્વારા ભજનસેવામાં આગેવાની આપવામાં આવેલ.

૨૦-૧૦-૨૦૨૪ ભજનસેવામાં વી.બી.એસ. ૨૦૨૪નાં હોદ્દેદારો, શિક્ષક ભાઈ-બહેનો સ્વયંસેવકોને અર્પણ કરવામાં આવ્યાં, ને શિક્ષકો માટેની ૧૦ આજ્ઞાઓ દ્વારા વચન લેવડાવવામાં આવ્યા. પાળક દશાંશ આધારિત પ્રભુનું વચન લાવ્યાં.

તા. ૨૮ ઓક્ટો. થી ૨ નવે. સુધી વી.બી.એસ.નું આયોજન કરવામાં ાવેલ છે.

દર શુક્રવારે પ્રાર્થનાસંગત બાઈબલ અભ્યાસમાં મળ્યાં.

## આવનાર માસનાં કાર્ય તરફ દૃષ્ટિપાત નવેમ્બર

- તા. ૨ નવે. સુધી વી.બી.એસ. ચલાવવામાં આવશે.
- તા. ૩ નવે. ભજનસેવા 'વી.બી.એસ. સન્ડે', 'સન્ડેસ્કૂલ'ની ઉજવણી
- તા. ૧૦ નવે. બાઈબલ સોસાયટી સન્ડે. ગુજરાત ઓક્ઝિલીયરના સેક્રેટરી રેવ. આશિષ એ. અમીન વચન લાવશે. સ્ટાફ હાજર રહેશે. આપનાં દાનો લાવશો.
- તા. ૧૭ નવે. ભજનસેવા
- તા. ૨૪ નવે. ભજનસેવા આભારસ્તુતિ દિનની ઉજવણી

## બાઈબલ ક્વીઝ રાજાઓ અધ્યાય ૧ થી ૧૧ આધારિત

**વિજેતાઓ**

| નામ | માર્કસ | |
|---|---|---|
| ૧. ડાયનાબેન ચૌહાણ | ૪૦ | પ્રથમ નંબર |
| ૨. શેરીલ ક્રિશ્ચિયન | ૪૦ | પ્રથમ નંબર |
| ૩. કેરોલીન ક્રિશ્ચિયન | ૩૭ | દ્વિતીય નંબર |
| ૪. જેનેટબેન ક્રિશ્ચિયન | ૩૫ | તૃતીય નંબર |
| ૫. મેરેલીન ચૌહાણ | ૩૫ | તૃતીય નંબર |

## નાણાંકીય અહેવાલ સપ્ટેમ્બર- ૨૦૨૪

| | | |
|---|---|---|
| તા.૧-૯-૨૪ ની ઉઘડતી સિલક | | |
| | રોકડ | ૩૯૭૮.૦૦ |
| | બેંક | ૮૦૮૪૮૮.૫૯ |
| તા.૩૦-૯-૨૪ સુધીની | આવક | ૧૪૭૩૬૦.૦૦ |
| | કુલ | ૯૫૯૮૨૬.૫૯ |
| તા.૩૦-૯-૨૪ની બંધ સિલક | | |
| | રોકડ | ૧૦૮૨૬.૦૦ |
| | બેંક | ૫૬૫૩૬૬.૫૯ |
| તા.૩૦-૯-૨૪ સુધીનો | ખર્ચ | ૩૮૩૬૩૪.૦૦ |
| | કુલ | ૯૫૯૮૨૬.૫૯ |

શ્રી મનોજકુમાર સી. ચૌહાણ, ટ્રેઝરર

## BIRTHDATE IN NOVEMBER

| | |
|---|---|
| ૩/૧૧ | ખ્રિસ્તી સુનિલ એસ. |
| ૫/૧૧ | સ્વીટી એચ. ઠાકોર |
| ૫/૧૧ | શાલીન એસ. ગામડીઆ |
| ૬/૧૧ | લીનાબહેન એસ. માસ્ટર |
| ૬/૧૧ | જોસ્ફીનબહેન કે. વાઘેલા |
| ૮/૧૧ | શેલ્ડન વી. ક્રિસ્ટી |
| ૮/૧૧ | વાયોલેટ એન. ક્રિશ્ચિયન |
| ૯/૧૧ | પ્રશાંત કે. ક્રિશ્ચિયન |
| ૧૧/૧૧ | રેજીના કોલિન ડેવિડ |
| ૧૧/૧૧ | ખુશી કે. મહિડા (U.S.A.) |
| ૧૨/૧૧ | કિશોરકુમાર બી. વાઘેલા |
| ૧૨/૧૧ | સુશીલાબહેન એસ. ક્રિસ્ટી |
| ૧૩/૧૧ | વિલ્સન એ. પરીખ |
| ૧૭/૧૧ | વેલ્સ એન. ક્રિસ્ટી |
| ૧૭/૧૧ | કોલીન એસ. ડેવિડ |
| ૧૭/૧૧ | ડીન એચ. કુંજરાવીયા (U.S.A.) |
| ૧૯/૧૧ | નિલેશભાઈ એસ. ક્રિશ્ચિયન |
| ૧૯/૧૧ | મોનીકા એ. પેટ્રિક |
| ૨૦/૧૧ | પ્રશાંત એસ. ક્રિશ્ચિયન |
| ૨૧/૧૧ | મણીબહેન વી. ગોહિલ |
| ૨૨/૧૧ | રવિ એચ. ઠાકોર |
| ૨૫/૧૧ | મેઘા અરોરા મેકવાન (U.K.) |
| ૨૭/૧૧ | સુસ્મિતા એન. પરીખ |
| ૨૮/૧૧ | માગ્રેટબહેન ક્રિશ્ચિયન |
| ૩૦/૧૧ | જેનેસીસ જે. દાસ |

## લે પ્રવૃત્તિ સપ્તાહ ૨૦૨૪નો અહેવાલ

**પ્રભુ અમને પ્રાર્થના શીખવો. લૂક ૧૧:૧**

માનનીય પાળક સાહેબ અને મંડળીના તમામ સભાજનોને પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં પ્રેમી સલામ. દર વર્ષની જેમ આ વર્ષે પણ ગુજરાત રિજનલ કોન્ફરન્સની લે પ્રવૃત્તિ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ વિષય આધારિત મિટીંગોનું આયોજન આપણી મંડળીમાં કરવામાં આવેલ તેની વિગતો નીચે જણાવેલ છે.

તા. ૩-૧૦-૨૪ ગુરૂવારથી તા. ૫-૧૦-૨૪ શનિવારના રોજ રાતે ૮ વાગે, લે પ્રવૃત્તિ સપ્તાહની મિટિંગો આપણા ચર્ચમાં મળી હતી. પ્રથમ સભાની શરૂઆત સ્થાનિક પાળક રેવ. ડૉ. ઈમાનુએલ કાન્ત સાહેબે મીણબત્તી સળગાવી પ્રાર્થના સાથે કરી હતી. કોન્ફરન્સ લે લીડર અને સ્થાનિક મંડળીના સભ્ય શ્રી આલાપભાઈ માસ્ટર, સ્થાનિક લે લીડર શ્રી એન્થોની ઈમાનુએલ, સેક્રેટરી શ્રી સુનિલભાઈ મેકવાન અને મંડળીના સભ્યોએ લે પ્રવૃત્તિ સપ્તાહની મિટિંગોમાં હાજરી આપી હતી. તા. ૩-૧૦-૨૪ની મિટિંગમાં વચનની સેવા પાળક સાહેબે આપી હતી. તા. ૪-૧૦-૨૪ની મીટિંગમાં વચનની સેવા લે લીડર શ્રી એન્થોની ઈમાનુએલ દ્વારા આપવામાં આવી હતી અને તા. ૫-૧૦-૨૪ની મિટિંગમાં વચનની સેવા કોન્ફરન્સ લે લીડર શ્રી આલાપભાઈ માસ્ટરે આપી હતી. દરેક મિટિંગમાં મુદ્રાલેખ આધારિત ઈશ્વરના વચનો પીરસવામાં આવ્યા હતા અને હાજર રહેલ તમામના માટે ખૂબ જ આશીર્વાદિત બની રહી હતી.

આભાર સહ,

**શ્રી એન્થોની સેમસન ઈમાનુએલ, પ્રમુખ (લે -પ્રવૃત્તિ સમિતિ)**

## સન્ડેસ્કૂલ ૨૦૨૩ના ઈનામો

તા. ૦૩-૧૧-૨૪ ના રવિવારે ભક્તિસભા દરમિયાન સન્ડેસ્કૂલ ૨૦૨૩ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ બાળકોને મંડળી તરફથી ઈનામો આપવામાં આવ્યા હતા.

## વર્ષ ૨૦૨૩-૨૪ - વિદ્યાર્થી સન્માન

**તા. ૦૩-૧૧-૨૪ના રવિવારે ભક્તિસભામાં વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન મંડળીના જે વિદ્યાર્થી ભાઈ-બહેનો ધોરણ ૧૦, ધોરણ ૧૨, ડિપ્લોમા, નર્સિંગ, ગ્રેજ્યુએટ અથવા પોસ્ટ ગ્રેજ્યુએટ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ હતા તેઓ સર્વને મંડળી તરફથી ઈનામો આપવામાં આવ્યા હતા.**

## દાન અપીલ

**મંડળીના વ્હાલા ભાઈ-બહેનો,**

**મહિલા મંડળ દ્વારા પ્રતિવર્ષ ગ્રામ્ય વિસ્તારમાં નાતાલ પ્રસંગે કિટ વિતરણ, તેમજ કપડાં વિતરણની વ્યવસ્થા કરવામાં આવે છે. તે અનુસંધાનમાં ભરૂચ-સુરત ડિસ્ટ્રીકટના રાયગઢને મનપુરમાં જવાના છીએ અંદાજીત ૪૦ કુટુંબો જરૂરીયાતમંદ હોય તેવા માટે વ્યવસ્થા કરવાની છે. પ્રતિકીટ ૧૫૦૦ રૂપિયા છે. આપને ઉદારતાથી દાનો આપવા વિનંતી શ્રીમતી સ્મિતાલત્તા આર. ક્રિશ્ચિયનને જુના કપડાં પરંતુ પહેરી શકાય તેવા સ્વચ્છ કરી ગડીબંધ રીતે આપશો. કીટ વિતરણ માટે આપવા માંગતા હોય તો શ્રીમતી મોનિકાબેન પેટ્રીકને નામ નોંધાવશો. વિસ્તૃત જાહેરાત પુલપીટ પરથી કરવામાં આવશે.**

**પ્રમુખ - શ્રીમતી મંદાકીની પેલ્મોર (મહિલા મંડળ)**

# વી.બી.એસ. ૨૦૨૪નો અહેવાલ

**મુદ્રાલેખ : "તેમની પાંખોની છાયામાં" ગીતશાસ્ત્ર ૯૧:૪**

માનનીય પાળક સાહેબ અને વી. બી. એસ. સુપ્રિન્ટેન્ડેન્ટ રેવ. ડૉ. ઈમાનુએલ કાન્ત સાહેબ, વી.બી.એસ.ના હોદ્દેદારો, શિક્ષકો, વહાલા બાળકો અને મંડળીના તમામ સભાજનોને પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં પ્રેમી સલામ.

પાસ્ટોરેટ કમિટી દ્વારા નીચે પ્રમાણેના હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવેલ હતી.

**સુપ્રિન્ટેન્ડેન્ટ :** રેવ. ડૉ. ઈમાનુએલ કાન્ત

**ડાયરેક્ટર :** શ્રીમતી અરૂણાબેન ગામડિયા

**આસિસ્ટન્ટ ડાયરેક્ટર :** શ્રીમતી સારાહબેન ટેલર

**સેક્રેટરી :** શ્રી એન્થોની ઈમાનુએલ

**ટ્રેઝરર :** શ્રી મનોજભાઈ ચૌહાણ

**ચેપલ વક્તા :** શ્રી નેવીલભાઈ ક્રિશ્ચિયન

તા. ૨૭-૧૦-૨૪ રવિવારે ભક્તિસભામાં વી.બી.એસ.ના હોદ્દેદારો તથા શિક્ષકોની અર્પણવિધિ કરવામાં આવી હતી.

વી.બી.એસ.ના પ્રથમ દિવસે તા. ૨૮-૧૦-૨૪ સોમવારના રોજ પાળક સાહેબે પ્રાર્થના કરાવી અને માસ્ટર એરિક નિલય ચૌહાણ તથા કુમારી એશલીન નિલય ચૌહાણ હસ્તે વી.બી.એસ.નું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. તેમના તરફથી રૂા. ૫૦૦૦/-નું દાન મળ્યું હતું.

અઠવાડિયા દરમિયાન કુલ ૬ વર્ગોમાં ૧૨ શિક્ષકોએ સેવા આપી હતી અને કુલ ૪૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. શિક્ષકોના નામ નીચે મુજબ છે.

**બાળ વિભાગ :** સ્મિતલતાબેન ક્રિશ્ચિયન / પ્રીમાબેન માસ્ટર,

**પ્રથામિક વિભાગ :** મોનિકાબેન પેટ્રિક / ટ્વિન્કલબેન ક્રિસ્ટી,

**જુનિયર વિભાગ :** વેલેન્ટિનાબેન ગોહિલ / અર્પિતાબેન હેરી,

**મધ્યમ વિભાગ :** કમળાબેન સોલંકી / ઉર્વીબેન દાસ,

**સિનિયર વિભાગ :** સારાહબેન ટેલર / જ્યોતિબેન વાઘેલા,

**એડલ્ટ વિભાગ :** રેવ. ડૉ. ઈમાનુએલ કાન્ત / મંદાકિનીબેન પેલમોર

**વી.બી.એસ. ચેપલના વક્તા શ્રી નેવીલભાઈ ક્રિશ્ચિયને** ખૂબ જ સુંદર રીતે અભિયન સાથે ગીતો, પ્રોજેક્ટર દ્વારા વાર્તાઓ તથા સોનેરી વાક્યો મુખપાઠ કરાવીને બાઈબલ આધારિત શિક્ષણ આપ્યું હતું. નાના બાળકોની સાથે શિક્ષકો અને હોદ્દેદારો તથા ઉપસ્થિત સર્વએ તેમના દ્વારા શીખવાડેલ ઉત્સાહભર્યા અભિનય ગીતોનો આનંદ માણ્યો હતો. વી.બી.એસ.સન્ડેની ભક્તિસભામાં તેમણે મુદ્રાલેખ આધારિત અસરકારક વચનની સેવા આપી હતી.

પાળક પત્ની શ્રીમતી ઉષાબેન કાન્ત અને તેમની શિક્ષકોની ટીમ જેવાં ઉર્વીબેન દાસ, અર્પિતાબેન હેરી અને ટ્વિન્કલબેન ક્રિસ્ટી સામેલ હતા, તેઓએ વી.બી.એસ.ના ગીતો તથા અન્ય નવા ગીતો અભિનય સાથે શીખવ્યા હતા જે બાળકો તથા મોટેરાઓને ખૂબ જ ગમ્યા હતા.

વી.બી.એસ. સન્ડેના બાળકોના પ્રોગ્રામની તૈયારી શ્રીમતી ડાયનાબેન ચૌહાણ તથા વી.બી.એસ.ના શિક્ષકો અને સિનિયર વિભાગની બાળાઓ દ્વારા કરવામાં આવી હતી.

ડાયરેક્ટર તરીકે શ્રીમતી અરૂણાબેન ગામડિયાએ સન્ડેસ્કૂલ અને વી.બી.એસ.નો બહોળો અનુભવ ધરાવતા ખૂબ જ નમ્રતાથી તથા આત્મીયતાથી સર્વ જવાબદારી નિભાવી હતી. વી.બી.એસ. સન્ડેનું સંચાલન પણ તેમના દ્વારા કરવામાં આવ્યું હતું.

આસ્ટિન્ટ ડાયરેક્ટર તરીકે શ્રીમતી સારાબહેન ટેલરે બાળકો તથા શિક્ષકોને જરૂરી સમજણ તથા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

હાજરી અને દાન માટેના સુંદર ચાર્ટ શ્રી કેનેથભાઈ ટેલરે બનાવ્યા હતા અને સાથે સાથે સ્વયં સેવક તરીકે ખૂબ જ ઉમદા સેવા આપી હતી.

વી.બી.એસ.નું સાહિત્ય જીવન સાહિત્ય ભંડારમાંથી લાવવાનું તથા અઠવાડિયા દરમિયાન ખૂટતી વસ્તુઓ ચર્ચ સુધી પહોંચાડવાનું કામ શ્રી ડેનીભાઈ હેરીએ કર્યું હતું.

વી.બી.એસ.ની સઘળી માહિતી ફોટોગ્રાફ્સ અને વીડિયો દ્વારા વૉટ્સએપ્પ ગ્રુપ તથા ફેસબુકમાં અપલોડ કરવાનું કામ શ્રી ફ્રાન્સિસભાઈ ગોહિલ, શ્રી એન્થોની ઈમાનુએલ અને શ્રી પ્રતિકભાઈ ફોટોગ્રાફર દ્વારા કરવામાં આવી હતી.

વી.બી.એસ.ના અઠવાડિયા દરમિયાન અલગ અલગ દિવસોની ઉજવણી કરવામાં આવી હતી. આવકાર દિવસ જ્યારે બાળકો અને શિક્ષકોનો આવકાર ચોકલેટસ આપીને કરવામાં આવ્યો હતો. મિત્ર દિવસે બાળકો તેમના મિત્રોને લઈને આવ્યા હતા. બ્લેક એન્ડ વ્હાઈટ દિવસ, રેડ ડે, ફ્લાવર ડે, બ્લ્યુ ડે, સાક્ષી દિવસ અને શ્રમ દિવસ જેનું દાન રૂા. ૩૨૯૦/- મળ્યું હતું. જેમાંથી નાતાલ સમયે ખ્રિસ્તી ગામડાઓમાં જે આર્થિક રીતે નબળા છે ત્યાં બાળકોને બિસ્કીટ્સ, ચોકલેટસ, કેક અને ગિફ્ટ્સ આપવામાં આવશે.

તા. ૩૦-૧૦-૨૪ બુધવારના રોજ અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટની વી.બી.એસ. સમિતિ દ્વારા આપણા ચર્ચની મુલાકાત લેવામાં આવી હતી. તેઓ સર્વને પેન ભેટ આપી આવકાર કરવામાં આવ્યો હતો. માનનીય ડિ.સુ. રેવ. જશવંત મેકવાન સાહેબ તથા તેમની ટીમ તરફથી બાળકો અને શિક્ષકોને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું.તે દિવસે મંડળીના ભૂતપૂર્વ પાળક રેવ. અરવિંદ ખ્રિસ્તી સાહેબ અને તેમના પત્ની રોઝમેરીબેન ખ્રિસ્તીએ વી.બી.એસ.ની મુલાકાત લીધી હતી. અને સર્વને ઉત્તેજન પૂરું પાડયું હતું.

અઠવાડિયા દરમિયાન ચેપલ સમયે પ્રોજેક્ટરની વ્યવસ્થા કુમારી રિનિશ પી. ક્રિશ્ચિયને ખૂબ જ ખંતથી અને ઉત્સાહથી નિભાવી હતી.

કોન્ફરન્સ લે લીડર અને સ્થાનિક મંડળીના સભ્ય શ્રી આલાપભાઈ માસ્ટર, સેક્રેટરી શ્રી સુનિલભાઈ મેકવાન અને ટ્રેઝરર શ્રી મનોજભાઈ ચૌહાણે વી.બી.એસ.ની નિયમિત મુલાકાત લઈ પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

વી.બી.એસ.માં નાસ્તા અને ભોજનના સમયે સ્વયં સેવકો સિવાય મંડળીના સભ્યો શ્રી આર્થરભાઈ પેટ્રિક, શ્રી એન્થનીભાઈ ક્રિશ્ચિયન, શ્રી રાજેશભાઈ ક્રિશ્ચિયન, શ્રી સામીભાઈ ગામડિયા, શ્રી ઈમાનુએલ ખ્રિસ્તી,શ્રી વિનોદભાઈ રાઠોડ, શ્રી રિચાર્ડભાઈ હિવાડે, શ્રી ફ્રાન્સિસભાઈ ગોહિલ અને શ્રી શરદભાઈ માસ્ટરે સ્વેચ્છાએ સેવા આપી હતી.

તા. ૩૧-૧૦-૨૪ ગુરૂવારે બાળ વિભાગના રૂમનો વીજળી પ્રવાહ ખોરવાઈ જતાં મંડળીના સભ્ય શ્રી સામીભાઈ ગામડિયા, શ્રી કેનેથભાઈ ટેલર, શ્રી ઈમાનુએલ ખ્રિસ્તી અને શ્રી ઓનિલ પેટ્રિક દ્વારા ફરીથી વીજ વ્યવસ્થા સ્થાપવામાં આવી હતી.

તા. ૨-૧૧-૨૪ શનિવારના રોજ બાળકોને માટે ચિત્ર અને રંગકામ તથા નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ચિત્ર અને રંગકામ સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રી કેનેથબાઈ ટેલર અને નિબંધ સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રીમતી ઉષાબહેન કાન્ત અને શ્રીમતી કમળાબેન સોલંકી એ જવાબદારી નિભાવી હતી. સ્પર્ધામાં પ્રથમ ત્રણ વિજેતા બાળકોને ઈનામ આપવામાં આવ્યા હતા. બપોરના ભોજન બાદ બાળકોએ વી.બી.એસ. સન્ડેના પ્રોગ્રામનું રિહર્સલ કર્યું હતું અને ત્યાર બાદ વી.બી.એસ.ના ઈનામો બાળકોને આપવામાં આવ્યા હતા.

આપણા મંડળીના સભ્ય શ્રી હર્ષદભાઈ કુંજરાવિયા તરફથી સન્ડેસ્કૂલ તથા વી.બી.એસ.ના શિક્ષકો અને હોદ્દેદારોને **"મણિલાલ છોટાલાલ પારેખ"** - ઈસુ ખ્રિસ્તના હિન્દુ શિષ્યની સંઘર્ષકથા પુસ્તક ભેટ આપવામાં આવ્યું હતું.

શનિવાર તા. ૨-૧૧-૨૪ સાંજે ચર્ચ ડેકોરેશન માટે બાળકો, શિક્ષકો અને હોદ્દેદારો સાથે મંડળીના સભ્યો ઓનિલ પેટ્રિક, એમ્બ્રોઝ પેટ્રિક, શેરિલ ક્રિશ્ચિયન, શાલીન ગામડિયા, શાલીન માસ્ટર, રિયાન માસ્ટર, જોય બી. ક્રિશ્ચિયન અને માર્શેલસ ક્રિશ્ચિયને સેવા આપી હતી. હાજર રહેલ દરેકને માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવેલ હતી.

વી.બી.એસ.સન્ડેમાં વક્તા શ્રી તથા તેમના કુટુંબના આવકાર માટે પુષ્પગુચ્છની વ્યવસ્થા શ્રી ઓલદ્રીચભાઈ ગામડિયા તરફથી કરવામાં આવી હતી.

વી.બી.એસ.ની સંપૂર્ણ સફળતા અને આયોજન માટે સ્થાનિક પાળક રેવ. ડૉ. ઈમાનુએલ કાન્ત સાહેબનો તથા તેમના પરિવારનો આભાર વ્યક્ત કરીએ છીએ. તેઓએ વી.બી.એસ. ટીમની સાથે રહીને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આપણા પગી શ્રી સુલેમાનભાઈ તથા પરિવારે અઠવાડિયા દરમિયાન તમામ સગવડો સાચવી માટે તેમનો પણ આભાર માનું છું. અઠવાડિયા દરમિયાન નાસ્તા અને ભોજનની વ્યવસ્થા કરનાર શ્રી શૈલેષભાઈ માસ્ટર તથા પરિવારનો આભાર માનું છું.

**વી.બી.એસ.ના અઠવાડિયા દરમિયાન બાળકો તરફથી વી.બી.એસ.નું દાન રૂ. ૪૬૮૨/- તથા શિક્ષકો દ્વારા દાન રૂા. ૩૦૮૦/- તેમ કુલ રૂા. ૭૭૬૨/- મળ્યું હતું.**

## વી.બી.એસ.ના સ્પોન્સરોની યાદી નીચે મુજબ છે

| તા. | વાર | આઈટમ | સ્પોન્સર |
|---|---|---|---|
| ૨૮-૧૦-૨૪ | સોમવાર | નાસ્તો અને જમણ | શ્રીમતી ડોરોથીબેન દાસ તથા ઉર્વીબેન દાસ |
| ૨૯-૧૦-૨૪ | મંગળવાર | નાસ્તો અને જમણ | શ્રીમતી કલ્પનાબેન ક્રિસ્ટી |
| ૩૦-૧૦-૨૪ | બુધવાર | નાસ્તો અને જમણ | શ્રી સુનિલભાઈ મેકવાન |
| ૩૧-૧૦-૨૪ | ગુરૂવાર | નાસ્તો અને જમણ | શ્રી રાજેશભાઈ ક્રિશ્ચિયન |
| ૦૧-૧૧-૨૪ | શુક્રવાર | નાસ્તો | શ્રી પ્રશાંતભાઈ એસ. ક્રિશ્ચિયન |
| ૦૧-૧૧-૨૪ | શુક્રવાર | ચોકલેટસ | શ્રી રોહિતભાઈ ફ્રાન્સિસ |
| ૦૧-૧૧-૨૪ | શુક્રવાર | જમણ | મીનાક્ષીબેન ક્રિશ્ચિયન, વાયોલેટબેન ક્રિશ્ચિયન, રેખાબેન ક્રિશ્ચિયન અને શારોન ક્રિશ્ચિયન |
| ૦૨-૧૧-૨૪ | શનિવાર | જમણ | કુમારી વેલેન્ટિના દાસ અને સોનલ દાસ |
| ૦૨-૧૧-૨૪ | શનિવાર | આઈસક્રીમ | શ્રી નેવીલભાઈ ક્રિશ્ચિયન |
| ૦૨-૧૧-૨૪ | શનિવાર | ઈનામ | શ્રી હર્ષદભાઈ કુંજરાવિયા, શ્રીમતી શીલાબેન પટેલ, શ્રીમતી સુનિલભાઈ સોલંકી,શ્રી સામીભાઈ ગામડિયા, શ્રીમતી સારાહબેન ટેલર |
| ૦૨-૧૧-૨૪ | શનિવાર | ઈનામ | કુમારી શાલીન ગામડિયા |
| ૦૨-૧૧-૨૪ | શનિવાર | ઈનામ | શ્રી એન્થોની ઈમાનુએલ |
| ૨૮-૧૦-૨૪થી ૦૨-૧૧-૨૪ | | ચા | શ્રી પ્રકાશભાઈ ખ્રિસ્તી |
| ૦૩-૧૧-૨૪ | રવિવાર | જમણ | શ્રી ડેનીભાઈ હેરી, શ્રી ફ્રાન્સિસભાઈ ગોહિલ, શ્રી આલાપભાઈ માસ્ટર, આઈરિનબેન મોદી,શ્રી શૈલેષભાઈ માસ્ટર, શ્રી પ્રશાંતભાઈ કે. ક્રિશ્ચિયન, શ્રી શરદભાઈ માસ્ટર, શ્રી નિલેશભાઈ રાઠોડ, શ્રી વિનોદભાઈ રાઠોડ અને શ્રી એન્થોની ઈમાનુએલ |
| ૦૩-૧૧-૨૪ | રવિવાર | ચોકલેટસ | શાલીન ગામડિયા, શાલીન માસ્ટર, શેલડન ક્રિસ્ટી, ટ્વિન્કલ ક્રિસ્ટી અને મેરેલિન ચૌહાણ |
| ૦૩-૧૧-૨૪ | રવિવાર | વી.બી.એસ. સાહિત્ય | શ્રી ઈમાનુએલ ખ્રિસ્તી |
| ૦૩-૧૧-૨૪ | રવિવાર | વી.બી.એસ. ચાટ્‌ર્સ | શ્રી કેનેથ ટેલર |
| ૦૩-૧૧-૨૪ | રવિવાર | વી.બી.એસ. બેનર | શ્રી એન્થોની ઈમાનુએલ અને શ્રી એમ્બ્રોઝ પેટ્રિક |
| ૦૩-૧૧-૨૪ | રવિવાર | પ્રોગ્રામ સ્ટેજ | સ્વર્ગીય શ્રી ઓનિલભાઈ ગામડિયાની યાદમાં તેમના પરિવાર તરફથી |
| ૦૩-૧૧-૨૪ | રવિવાર | ફોટોગ્રાફી | શ્રીમતી પારૂલબેન ગામડિયા તથા પરિવાર |

## વી.બી.એસ. ૨૦૨૪ - આવક-જાવકનો હિસાબ

**આવક**

| | |
|---|---|
| માસ્ટર એરિક એન. ચૌહાણ અને | |
| કુમારી એશલીન એન. ચૌહાણ | ૫૦૦૦.૦૦ |
| માસ્ટર એનોન પેલમોર | ૧૫૦૦.૦૦ |
| શ્રી નિલેશભાઈ એસ. ક્રિશ્ચિયન | ૧૦૦૦.૦૦ |
| શ્રી કિશોરભાઈ વાઘેલા | ૧૦૦૦.૦૦ |
| શ્રી રિચાર્ડભાઈ હિવાડે | ૧૦૦૦.૦૦ |
| શ્રીમતી જ્યોતિ એન. ક્રિશ્ચિયન | ૧૦૦૦.૦૦ |
| શ્રી જીમીભાઈ ડેવિડ | ૫૦૦.૦૦ |
| શ્રીમતી સ્મિતાબેન ક્રિશ્ચિયન | ૫૦૦.૦૦ |
| શ્રીમતી ઉષાબેન રાઠોડ | ૫૦૦.૦૦ |
| શ્રીમતી પ્રતિભાબેન મહીડા | ૫૦૦.૦૦ |
| શ્રી ડિકસનભાઈ હેરી | ૫૦૦.૦૦ |
| શ્રીમતી કમળાબેન સોલંકી | ૫૦૦.૦૦ |
| શ્રીમતી મોનિકાબેન પેટ્રિક | ૫૦૦.૦૦ |
| શ્રી સુશિલભાઈ ક્રિશ્ચિયન | ૫૦૦.૦૦ |
| શ્રીમતી સુશીલાબેન ક્રિસ્ટી | ૨૫૦.૦૦ |
| શ્રીમતી નિલેશ્વરીબેન ક્રિશ્ચિયન | ૧૦૦.૦૦ |
| શ્રીમતી પ્રિયલ રાનીગા | ૧૦૦.૦૦ |
| મીનાબેન બોરકર | ૧૦૦.૦૦ |
| **કુલ દાન** | **૧૫૦૫૦.૦૦** |
| | |
| બાળકો દ્વારા શ્રમદિવસનું દાન | ૩૪૦૦.૦૦ |
| બાળકો દ્વારા વી.બી.એસ. | |
| દરમિયાન મળેલ દાન | ૪૬૮૨.૦૦ |
| શિક્ષકો દ્વારા વી.બી.એસ. | |
| દરમિયાન મળેલ દાન | ૩૦૮૦.૦૦ |
| **કુલ આવક** | **૨૬૨૧૨.૦૦** |

**જાવક**

| | |
|---|---|
| ચેપલ વક્તા શ્રી નેવિલભાઈ ક્રિશ્ચિયન (પ્રેમભેટ) | ૫૦૦૦.૦૦ |
| વી.બી.એસ. ગીતોની ફોટોકોપી | ૪૦૦.૦૦ |
| આવકાર દિવસ માટે ચોકલેટસ | ૫૦૦.૦૦ |
| સેફ્ટી પિન્સ | ૮૦.૦૦ |
| સર્ટિફિકેટ પ્રિન્ટીંગ | ૧૦૦.૦૦ |
| સ્ટેશનરી આઈટમ્સ | ૧૧૩૦.૦૦ |
| પ્રોગ્રામ માટે દીવડા | ૩૦૦.૦૦ |
| વી.બી.એસ.ના ઈનામ લાવવા માટેનું રીક્ષા ભાડું | ૫૦૦.૦૦ |
| ડેકોરેશનનો સામાન | ૨૩૦.૦૦ |
| શ્રી સુલેમાનભાઈને વી.બી.એસ.ના કામના | ૧૦૦૦.૦૦ |
| પેટે ચૂકવ્યા | |
| શનિવાર રાતનું ભોજન | ૨૫૦૦.૦૦ |
| **કુલ જાવક** | **૧૩૬૦૦.૦૦** |
| | |
| ટ્રેઝરર શ્રી મનોજભાઈ ચૌહાણને જમા કરાવ્યા | **૧૨૬૧૨.૦૦** |

વી.બી.એસ.નું કાર્ય શાંતિમય અને આનંદમય વાતાવરણમાં પૂર્ણ થયું છે અને આ વર્ષે પણ સંપૂર્ણ સ્વપોષિત થઈ છે. આ કાર્યને સફળ બનાવવા માટે પાળક સાહેબ, તમામ દાનવીરો, સ્પોન્સરો, હોદ્દેદારો, શિક્ષકો, બાળકો, વાલીઓ, સ્વયં સેવકો, પગી શ્રીનો અને મંડળીના દરેક સભ્યોનો હૃદયના અંતઃકરણથી આભાર માનું છું. વી.બી.એસ. દરમિયાન કમિટી, શિક્ષકગણ અથવા સ્વયંસેવક દ્વારા જો કોઈની લાગણી દુભાઈ હોઈ તો હું આપ સર્વની ક્ષમા માંગુ છું અને આપ અમોને માફ કરશો તેવી આશા રાખું છું. સર્વ માન, મહિમા અને ગૌરવ પરમેશ્વર પિતા ને હો....આમેન.

વી.બી.એસ. સેક્રેટરી
**શ્રી એન્થોની સેમસન ઈમાનુએલ**